# અંબાજીમાં માતાજીના પ્રાગટ્ય દિવસની ભવ્ય ઉજવણી

પાલનપુર, તા. ૨

પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે માતાજીના પ્રાગટ્ય દિવસની ભક્તિ અને ઉત્સાહભર્યા માહોલમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે પોષી પુનમને માતાજીના પ્રાગટ્ય દિન તરીકે પ્રતિ વર્ષ હર્ષોલ્લાસ સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. આ પ્રસંગે અંબાજી મુકામે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત માઈભક્તોએ દિવસભર મંદિરના ચાચર ચોક અને સમગ્ર અંબાજી નગરને જય અંબે...ના ગગનભેદી જયઘોષથી ગુંજતું રાખ્યું હતું.

રાજયના મહિલા અને બાળ કલ્યાણ, શિક્ષણ તથા યાત્રાધામ વિકાસ વિભાગના રાજયમંત્રી વિભાવરીબેન દવેના હસ્તે મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર શક્તિદ્વારથી માતાજીની શોભાયાત્રાને આરતી કરીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે કલેકટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન આર.જે. માકડીયા, અધિકારીઓ અને હજારો માઈભક્તો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મંત્રીએ મિડીયા સાથેની મુલાકાતમાં જણાવ્યું કે માતાજીના દર્શન અને પૂજા-અર્ચના કરી તેઓએ ધન્યતા અનુભવી છે. તેમણે કહ્યું કે રાજય અને રાષ્ટ્રની સુખાકારી અને પ્રગતિ માટે તેઓએ માતાજીને પ્રાર્થના કરી છે.

મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર શક્તિદ્વારથી હાથીની અંબાડી ઉપર માતાજીની શોભાયાત્રાને મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવેના હસ્તે પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ ધ્વારા વિશેષ મહાયજ્ઞ કરવામાં આવ્યો હતો. જેમાં ૬૩ જેટલાં દંપતિઓએ આ પવિત્ર મહાઅવસરમાં બેસવાનો લ્હાવો લીધો હતો. અંબાજી મુકામે બે ત્રણ દિવસથી જ મહાઅવસરના માહોલની જમાવટ થઈ હતી. દૂર દૂરથી હજારો માઈભક્તો પરિવાર સાથે અંબાજીમાં ઉમટી રહ્યા હતા. માતાજીના પ્રાગટ્ય દિન નિમિત્તે અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ ધ્વારા માઈભક્તો માટે વ્યાપક સુવિધાઓ કરવામાં આવી છે. પૂનમના દિવસે અંબાજી ભોજનાલય ખાતે વિનામૂલ્યે ભોજન પ્રણાલી વ્યવસ્થા કરવામાં આવી હતી. ૧૫૦૦ કિલો બુંદી, ૨૧૦૦ કિલો સુખડીના પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે માતાજીની શાહી સવારી દરમ્યાન ગબ્બરથી અખંડ જ્યોત લાવીને શોભાયાત્રાનું અંબાજી નગરમાં પરિભ્રમણ કરવામાં આવ્યું હતું. જેમાં હાથી, ઘોડા અને સાંસ્કૃતિક કાર્યક્રમોની ઝાંખી દર્શાવતા ૩૩ જેટલાં વિવિધ ટેબ્લો સામેલ કરવામાં આવ્યા હતા. સમગ્ર અંબાજી નગરને રોશનીથી શણગારવામાં આવ્યું છે. માઈભક્તો ધ્વારા ઘરે ઘરે દિવડા પ્રગટાવવામાં આવ્યા હતા.





## પ્રાંતિજ તાલુકામાં જગતજનનીનો પ્રાગટ્ય મહોત્સવ ઉજવાયો

### યાત્રાધામ સાંપડ ખાતે ભકતોનું ઘોડાપુર ઉમટ્યુ : સવારથી જ મંદિર પટાંગણમાં માઇ ભકતોની લાંબી કતારો જોવા મળી

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ સહિત તાલુકામાં આજે પોષી પૂનમ જગત જનની માતા અંબા દુર્ગા સહિતની શકિતઓના પ્રાગટ્ય દિને યાત્રાધામ સહિત વિવિધ ધાર્મિક સ્થળોએ હોમ, હવન, મહાપ્રસાદ, પૂજા અર્ચનાના ભવ્ય કાર્યક્રમો યોજાયા હતાં તો ભકતોની ભારે ભીડ જોવા મળી હતી.



પ્રાંતિજના સાંપડ ખાતે ૬૦૦ વર્ષ પૌરાણિક ભગવતી મહાકાલી માતાના મંદિર ખાતે પ્રાત-પૂજન યંત્ર પૂંજન, હોમ-હવન, મહા પ્રસાદના આયોજનો મંદિર વ્યવસ્થાપકો દ્વારા કરવામાં આવ્યું હતું. તો પ્રાંતિજ તથા તાલુકામાંથી હજારોની સંખ્યામાં માઈ ભકતોએ જગત જનની માં શકિત દેવીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. તો માઈ ભકતોએ માંના પ્રાગટ્ય દિનના વિવિધ કાર્યક્રમોમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો અને સવારથી જ તાલુકામાંથી માઈ ભક્તો પગપાળા કે વાહનો દ્વારા માના દર્શન કરવા ઉમટી પડયા હતાં. મંદિર વ્યવસ્થા સ્થાપકો દ્વારા દર વર્ષની જેમ આવશે પણ માઈ ભકતોને શાન્તિપૂર્ણ અને ઝડપી દર્શન થાય તેવી વ્યવસ્થા તથા ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. અહીં મંદિરમાં શ્રીફળ, સુખડી અને ચુંદડી તથા સાડી માતાજીને ભકતો દ્વારા અર્પણ કરવામાં આવે છે તો સોનગઢ ચહેરમાતા મંદિરે પણ હોમ, હવન, પ્રસાદના આયોજનો લાલુભાઈ ભગત દ્વારા કરવામાં આવ્યા હતા. પૌરાણિક વહાણવટી માતાના મંદિર રામપુરા ખાતે પણ ભવ્ય કાર્યક્રમોનું આયોજન આયોજકો દ્વારા કરવામાં આવ્યું હતું તો પ્રાંતિજના દલાની મુવાડી ખાતે ભગવતી સિકોતરમા તેમજ વિહતમાતાના મંદિર ખાતે પણ માના પ્રાગટ્ય દિનની ભારે હર્ષોલ્લાસ સાથે ઉજવણીના આયોજનો કરવામાં આવ્યાં હતા.

## 'કહો દીલસે સાયકલ ફિરસે'નું સૂત્ર સાર્થક મહેસાણામાં થયું

મહેસાણા, તા. ૨

મહેસાણા જિલ્લા નહી પરતું સમગ્ર ભારતમાંથી સાયકલપ્રેમીઓં મહેસાણા ખાતે આવનાર સાત દિવસ મહેસાણાના મુલાકતે આવશે. આજે મહેસાણાના ઈન્ડિયન સાયકલ ક્લબ ઓફ મહેસાણા દ્વારા આગામી સાત દિવસ સાયક્લોત્સવનું આયોજન કરાયું છે. જેમાં પ્રત્યેક દિવસે સાયકલને લગતી અલગ-અલગ પ્રવૃતિ હાથ ધરાશે. અને સાતમા દિવસે ૪૬ અને ૯૨ કિમીની સાયકલ રેસ યોજાશે. જેમાં પ્રથમ ઈનામ મેળવનારને એક લાખ કરતા વધુનું ઈનામ આપવા માં આવશે.

આજે પેટ્રોલના ભાવ આસમાને છે અને ગ્લોબલ વૉમિંગની અસર આજે દરેક ચીજ પર જોવા મળી રહી છે. ત્યારે પ્રદુષણ ઓકતી કારને બદલે શરીર અને કુદરતને મજબુત બનાવાની નેમ સાથે હાલમાં મહેસાણામાં સાયક્લોત્સવના નેજા નીચે ૭ દિવસની મેઘા ઈવેન્ટ થવા જઈ રહી છે. જેમાં દેશમાંથી સાયકલ ચલાવતા સ્પર્ધકો તો આવશે સાથે સ્થાનિકો પણ સાયકલની મોજ માણશે. હાલમાં ઈન્ડિયન સાયકલ ક્લબ ઓફ મહેસાણામાં ૪૫૦થી વધુ લોકોના આ એશોશીયસનમાં ડોક્ટરથી લઈને નાના મધ્યમ વેપારી વર્ગ શરીરને સાચવી રહ્યા છે. જ્યારે આ ઈવેન્ટમાં સાત દિવસ કાર્યક્રમમાં જુદા જુદા કાર્યકમ કરીને સાયકલનું મહત્વ મહેસાણાની જનતાને આપવામાં આવશે. જોકે આ ઈવેન્ટમાં કોઈ પણ વ્યક્તિની જાતીનો ઉલ્લેખ કરવામાં આવશે નહી.અને રેશ જીતનારને ૧ લાખથી લઈને મેડલ સહિતથી પુરસ્કૃત કરવામાં આવશે.

ડોક્ટર મુકેશ ચૌધરી ઈન્ડિયન સાયકલ ક્લબ ઓફ મહેસાણાના પ્રમુખે જણાવ્યું હતું કે એક તરફ મોઘી દાટ કારો એ લોકોમાં આકર્ષણ જમાવ્યું છે ત્યારે આજે આ સાયકલપ્રેમીઓમાં એક લાખ કરતા પણ વધુની સાયકલ રેગ્યુલર ચલાવી જાય છે. અને તે પણ ૨૦ કિમી તો અડધા કલાકમાં કપાઈ જાય છે ત્યારે આવનાર સમયમાં મોઘીદાટ કારને ટાટા કરીને 'કહો દીલસે સાયકલ ફિરસે'નું સૂત્ર સાર્થક મહેસાણામાં થશે તેમાં નવાઈ નહી.

## અરવલ્લી જિલ્લા સેવાસદનમાં દારૂની મહેફીલ ભારે પડી

### શામળાજી પોલીસે વધુ ૮ ન્યૂ-યરમાં દારૂ પીને છાકટા બનેલા ૮ને દબોચ્યા

અરવલ્લી, તા. ૨

આધુનિકતાના નામે થર્ટી ફર્સ્ટની ઉજવણીમાં માલેતુજાર લોકો અને નબીરાઓ વિદેશી દારૂની મહેફિલ જમાવી ડીજેના તાલે અને ડાન્સબાર સહીત કોલગર્લ્સ સાથે રાત રંગીન બનાવતા હોય છે. ત્યારે કેટલાક લોકો માટે ૩૧ ડિસેમ્બરની ઉજવણીમાં વિદેશી દારૂની મહેફિલ માણવી આફતરૂપ સાબિત થતી હોવાના અનેક કિસ્સા બહાર આવતા હોય છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર આવોજ એક કિસ્સામાં અરવલ્લી જિલ્લા સેવાસદનમાં ફરજ બજાવતા એક કર્મચારીને અમદાવાદના ડ્રાઈવીન રોડ પર આવેલા રામાહાઉસમાં ૩૧ ડિસેમ્બરની ઉજવણી માટે રાખવામાં આવેલી વિદેશ શરાબની મહેફિલ માણવી ભારે પડી હતી. ચાલુ મહેફિલે પોલીસે છાપો મારી ૧૦ નબીરાઓને ઝડપી પાડ્યા હતા. જેમાં એક યુવાન સરકારી કર્મચારી તરીકે અરવલ્લી જિલ્લા સેવાસદન મોડાસામાં ફરજ બજાવતો હોવાનું જાણવા મળ્યું હતું. સરકારી કર્મચારી દ્વારા તેની સામે કાયદાકીય કાર્યવાહી ન કરવા ઘણી આજીજી અને ધમપછાડા કર્યા હતા પણ પોલીસ ટસની મસ ના થતા આખી રાત લોકઅપમાં અન્ય દારૂડિયા અને ગુન્હેગારો સાથે વિતાવવી પડી હતી અને સવારે કાગળિયા પરની કાર્યવાહી પુરી કરી જામીન પર છુટકારો થયો હતો. મોડાસા શહેરના જિલ્લા સેવાસદનનો એક કર્મચારી નશાની હાલતમાં ઝડપાયો હોવાની ઘટના ટોક ઓફ ધી જિલ્લો બની હતી.



શામળાજી પોલીસે ન્યૂ-યરની પાર્ટીની ઉજવણી રાજસ્થાની હોટલમાં કરી દારૂ પીધેલી હાલતમાં છાકટા બની મારુતિ ઈકો વાનમાં (ગાડી.નં-જીજે. ૨૭. બીએલ. ૭૧૬૨) ગુજરાતમાં પ્રવેશતા મનોજ ભીમસીંગ, હરીશ શંકર પરમાર, સુરેન્દ્ર રામરતન યાદવ, અતુલ ત્રિભુવન યાદવ, પરમેશ્વર બચ્ચુલાલ યાદવ, અમુલ તિરવન યાદવ, શ્યામ સવાપતિ યાદવ, રામ વાસુદેવ યાદવ (તમામ રહે.અશોક મિલ કી ચાલી વિકાસ એસ્ટેટ ,બાપુનગર,અમદાવાદ) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હઠળ ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ગઢોડા પાટીયા પાસે બાંકડા પર બેઠેલ બે બાળકોને કારે હડફેટે લેતા મોત

### તલોદથી હિંમતનગર આવતી કારના ચાલકે માતા-પિતાને પણ ઈજા પહોંચાડી

હિંમતનગર, તા. ૨

સાબરડેરી-તલોદ રોડ પર આવેલ ગઢોડા પાટીયા પાસે મંગળવારે બપોરના સુમારે તલોદથી હિંમતનગર આવી રહેલ એક કારના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી રોડની સાઈડમાં બાંકડા પર બેઠેલ મજૂર પરીવારને હડફેટે લેતા બે બાળકોના ગંભીર ઈજાને કારણે મોત નીપજ્યા હતા. તેમજ આ બાળકોના માતા-પિતાને ઈજા થતા સારવાર માટે હિંમતનગર સિવિલમાં દાખલ કરાયા હતા.

આ અંગે એ-ડીવીઝન પોલીસના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ મંગળવારે બપોરે અમદાવાદથી તલોદ થઈ હિંમતનગર આવી રહેલ એક કારમાં નિકુંજ પટેલ, મુકેશ ઠાકોર, મહેશ ઠાકોર અને અલ્પેશ પરમાર આવી રહ્યા હતા. દરમ્યાન કારના ચાલક અલ્પેશ પરમારે ગઢોડા પાટીયા પાસેથી કાર હંકારી રહ્યા હતા ત્યારે અચાનક કારને ગફલતભરી રીતે ચલાવી રોડની સાઈડમાં બાંકડા પર બેઠેલ મજૂર પરીવારને હડફેટે લીધો હતો. જેના કારણે બાંકડા પર બેઠેલ કરીના અગારી (ઉં.વ.૭) અને રોશન અગારી (ઉં.વ.૪)ને ગંભીર ઈજા થતા બન્ને બાળકોના મોત નિપજ્યા હતા.

ઉપરાંત લક્ષ્મીબેન ચંદુભાઈ અગારી, નકુલ અગારી (ઉં.વ.૮) અને રવિ અગારી (ઉ.વ.૩)ને પણ ઈજા થતા તેમને તાબડતોબ સારવાર માટે હિંમતનગર સિવિલમાં લવાયા હતા. ઉલ્લેખનીય છે કે રાજસ્થાનના કોટડા ગઢી તાલુકાના ખોખરા ગામના ચંદુભાઈ ગુજરાભાઈ અગારી ગઢોડામાં એક પટેલને ત્યા મજુરી કરતા હતા ત્યારે આ પરિવારને બાંકડા પર બેસાડી પટેલના ઘરે પૈસા લેવા માટે ગયા હતા. ત્યારે રોડ પરથી પસાર થતી કાર કાળમુખી બનીને પરીવારને નંદવી ગઈ હતી. આ અકસ્માત દરમ્યાન કારના ચાલક અલ્પેશ પરમારે કારને બાળકો સાથે અડાવી પેટ્રોલ પંપની દિવાલે જઈને અથડાતા કાર પલ્ટી ખાઈ ગઈ હતી. અકસ્માતની ઘટના અંગે એ-ડીવીઝન પોલીસે કાર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ભિલોડા બ્લોક હેલ્થ ઓફીસ ધ્વારા ટ્રમ્પકાર્ડ અને પુસ્તકોનું વિતરણ

ભિલોડા બ્લોક હેલ્થ ઓફીસ ધ્વારા આંગણવાડી અને પ્રાથમીક શાળા બાળકો માટે ટ્રમ્પકાર્ડ અને પુસ્તકોનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે ભિલોડા બ્લોક હેલ્થ ઓફીસર ડાૅ.એ.જે.વૈષ્ણવ, સુપરવાઈઝર સહિત સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યો હતો. આંગણવાડી અને પ્રાથમીક શાળાના વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

## અરવલ્લી જિલ્લાની ખાનગી હોસ્પિટલના તબીબો બ્લેક ડે મનાવી હડતાલમાં જોડાયા

અરવલ્લી, તા. ૨

દેશભરના ડોકટર્સ દ્વારા મંગળવારે મેડિકલ બિલના વિરોધમાં બ્લેક ડે મનાવવામાં વિરોધમાં જોડાયા હતા અને સવારે ૬ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી તમામ ખાનગી હોસ્પિટલો અને ક્લિનિક બંધ રાખી હડતાલ પાડી હડતાલથી અજાણ જિલ્લાવાસીઓને ખાનગી હોસ્પિટલો બંધ હોવાથી ભારે તકલીફનો સામનો કરવો પડ્યો



આવ્યો હતો. સરકાર દ્વારા રાજ્યમાં મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને નેશનલ મેડિકલ કમિશન બનાવવાના પ્રયાસો હાથ ધરાયો છે. ત્યારે એમસીઆઈને વિખેરવાના પ્રયાસોને લઈને ડોક્ટર્સ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. જેમાં અરવલ્લી જિલ્લાના ૨૦૦થી વધારે ડોકટર્સ આ સજ્જડ વિરોધ નોંધાવ્યો હતો. ક્રિટિકલ કેર અને ઈમરજન્સી સેવા ચાલુ રહી હતી. જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેર આરોગ્ય નગરી તરીકે જાણીતું છે ત્યારે આરોગ્યલક્ષી સેવાઓ બંધ રહેતા મોડાસા બસ સ્ટેન્ડ પાછળનો વિસ્તાર અને ડીપ વિસ્તાર સુમસામ ભાસતો હતો. તબીબોની હતો અને દવાખાનાના ધરમધક્કા ખાવાનો વારો આવ્યો હતો.

મોડાસા શહેરના તબીબોએ ચાર રસ્તા પર નગરપાલિકાના મહાલક્ષ્મી ટાઉન હોલ પાસે ધરણા ધર્યા હતા અને રેલી સ્વરૂપે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી કેન્દ્ર સરકારની મેડિકલ ક્ષેત્રમાં દખલગીરીનો વિરોધ નોંધાવ્યો હતો.

નવા વર્ષની સર્વેને શુભેચ્છા

स्वच्छ भारत

एक कदम स्वच्छता की ओर

સર્વેને નવું સુખ, શાંતિ અને સમૃદ્ધિપૂર્ણ રહે એવી નવા વર્ષની શુભકામનાઓ પાઠવીએ છીએ...

તાલુકા પંચાયત કચેરી ધાનેરા